# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 14-09-2025** **Midday : 2.30 to 2.35 pm**

**Day : Sunday** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **પ્રવેશ અડિએચા** વાંચે છે.

---

સમાચારનાં અંતે

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ - વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા હતાં. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલૉ કરશો.

-------------------------------------------------------------------

આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

(હવે પછી આપ સાંજે સાત વાગીને દસ મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો.)

(CLOSING MUSIC)

# AMIT SHAH GANDHINAGAR

કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે નાગરિકોને પોતાની માતૃભાષાને સન્માન આપવાની સાથે સાથે હિન્દીને સહકાર આપવા હાકલ કરી છે. ગાંધીનગરના મહાત્મા મંદિર ખાતે આજે હિન્દી દિવસ તેમજ 5-મા અખિલ ભારતીય રાજભાષા સંમેલનને ખૂલ્લું મૂકતા તેમણે સમયની સાથે હિન્દીને વધુ લચિલી બનાવવા પર અને હિન્દી તથા પ્રાદેશિક ભાષાઓના સહ-અસ્તિત્વ પર ભાર મૂક્યો.

(બાઈટ – અમિત શાહ)

તેમણે કહ્યું, હિન્દીને વધુમાં લોકપ્રિય બનાવવા કેન્દ્ર સરકારે સારથિ મંચ અને હિન્દી શબ્દ સિંધુ કોષ જેવી સફળ પહેલ કરી છે. તેમણે હિન્દી માત્ર બોલચાલની ભાષા ન રહેતા તે વિજ્ઞાન તકનીક, ન્યાય અને પોલીસ વ્યવસ્થાની પણ ભાષા હોવી જોઈએ તેમ ભારપૂર્વક જણાવ્યું.

આ પ્રસંગે તેમણે વર્ષ 2029 સુધી હિન્દી શબ્દ સિંધુ વિશ્વનો સૌથી મોટો શબ્દકોષ બનશે તેવો વિશ્વાસ વ્યક્ત કર્યો. હિન્દીના સહ-અસ્તિત્વ સાથે સ્થાનિક ભાષાના વિકાસમાં ગુજરાતે વિશ્વ સમક્ષ સફળ ઉદાહરણ પૂરું પાડ્યું હોવાનું પણ તેમણે કહ્યું. માતૃભાષાના મહત્વનો પુનરોચ્ચાર કરતા શ્રી શાહે વાલીઓને ઘરમાં માતૃભાષાના ઉપયોગ અંગે અનુરોધ કર્યો હતો.

ઉલ્લેખનીય છે કે, હિન્દી અને પ્રાદેશિક ભાષાઓ વચ્ચે સમરસતા વધારવાના હેતુથી યોજાઈ રહેલા સંમેલનમાં કેન્દ્ર સરકારના વિવિધ વિભાગના અંદાજે સાત હજારથી વધુ અધિકારી ભાગ લઈ રહ્યા છે.

. . . . . . . . . . .

# MEHSANA FIRE

મહેસાણામાં સામેત્રા ગામ નજીક એક ખાનગી કારખાનામાં મોડી રાત્રે આગ લાગ્યાના અહેવાલ છે. અમારા પ્રતિનિધિ જયંતી ચૌધરી જણાવે છે, આગના કારણે બે શ્રમિકના ગૂંગળાઈ જવાથી મોત થયા છે. જ્યારે અગ્નિશમન દળે મહેસાણા—બહુચરાજી માર્ગ પર આવેલા આ કારખાના ખાતે પહોંચી આગને કાબૂમાં લીધી હતી.

. . . . . . . . . . .

# GST REFORMS – MEDICAL DEVICE SUPPLY

વસ્તુ અને સેવા કર- GST પરિષદે કરમાળખામાં કરેલા ફેરફારને રાજ્યભરમાં વ્યાપક આવકાર મળી રહ્યો છે. સરકારે કર્કરોગ જેવા જીવલેણ રોગની સારવાર માટે ઉપયોગમાં લેવાતી દવાઓને વેરામાંથી મુક્તિ આપી છે. સરકારે આરોગ્ય ક્ષેત્રે ઉપયોગમાં લેવાતા ઉપકરણો પર GSTના દરમાં પણ ઘટાડો કર્યો છે. આ અંગે આ ઉપકરણના અમદાવાદના વેપારી તુષાર ભાવસારે પ્રતિક્રિયા આપી.

**(BYTE: TUSHAR BHAVSAR)**

. . . . . . . . . . .

# PANCHMAHAL SARDAR YATRA

બારડોલીથી સોમનાથ સુધી આયોજીત સરદાર સન્માન યાત્રા પંચમહાલના હાલોલ પહોંચી હતી. ત્યાંથી આ યાત્રા કાલોલ, દેલોલ, વેજલપુર, ટૂવા, ટિમ્બા અને સેવાલિયા માર્ગે થઈને ગોધરા પહોંચી. ગઈકાલે ગોધરા પહોંચેલી યાત્રાનું શહેરના વિવિધ વિસ્તારોમાં ભવ્ય સ્વાગત કરાયું. સિવિલ લાયન્સ પાસે આવેલા સરદારનગર ખંડ ખાતે સરદાર વલ્લભભાઈ પટેલની પ્રતિમાને પુષ્પાંજલિ અર્પણ કરવામાં આવી.

ઉલ્લેખનીય છે કે સરદાર વલ્લભભાઈ પટેલનો ગોધરા સાથે ઐતિહાસિક સબંધ રહ્યો હતો. તેમણે વકીલાતની શરૂઆત ગોધરાથી કરી હતી. આઝાદીની ચળવળ દરમિયાન મહાત્મા ગાંધી અને સરદાર પટેલની સંયુક્ત સભા પણ ગોધરાના ગાંધી આશ્રમમાં જ યોજાઈ હતી.

. . . . . . . . . . .

# DIU MAHILA AYOG

રાષ્ટ્રીય મહિલા આયોગનાં અધ્યક્ષ વિજયા રાહટેકરની અધ્યક્ષતામાં આજે કેન્દ્રશાસિત પ્રદેશ દીવના વણાકબારા ખાતે “સંકલ્પ સે સિદ્ધિ કાર્યક્રમ યોજાયો. આયુષ્યમાન આરોગ્ય મંદિર ખાતે યોજાયેલા કાર્યક્રમમાં મુખ્યઅતિથિ તરીકે ઉપસ્થિત સુશ્રી રહાટકરે આયુષ્યમાન આરોગ્ય મંદિરની

મુલાકાત લઈ અને માહિતી મેળવી. ત્યારબાદ તેમણે આંગણવાડીની બહેનો દ્વારા તૈયાર કરાયેલી પોષણયુક્ત વાનગીઓનું નિરિક્ષણ કરી તેમાંથી મળતા પોષકતત્વ અંગે માહિતી મેળવી.

. . . . . . . . . . .